# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા વિશ્વ મહિલા દિવસ ઉજવાયો

કૃ.સં.કે, આકૃયુ, સણસોલી-નેનપુર, તા.૦૮/૦૩/૨૦૧૮

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે કાર્યરત આયોજિત યોજના "સ્ટ્રેન્થ્નિંગ ઓફ ફાર્મ ટેકનોલોજિ ટ્રેનીંગ સેન્ટર" અંતર્ગત તા: ૦૮-૦૩-૨૦૧૮ ના રોજ "**વિશ્વ મહિલા દિવસ**" ના ભાગરૂપે મહેમદાવાદ તાલુકાના સણસોલી મુકામે "**મહિલા દિવસ**" ની ઉજવણી કરવામાં આવી. સદર કાર્યક્રમમાં સણસોલી ગામની ૨૬ મહિલાઓ હાજર રહી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રો. એસ. એ. સિપાઈ, મદદનીશ વિસ્તરણ શાસ્ત્રીએ પધારેલ મહીઓલાઓનું શાબ્દિક સ્વાગત તથા પ્રસંગને અનુરૂપ ઉદ્બોદન કર્યું હતું. ડૉ. જે. કે. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી એ ગ્રામ્ય મહિલાઓમાં રહેલ શિક્ષણની જરૂરિયાત તથા આધુનિક કૃષિમાં મહિલાઓની અગત્યતા વિશે વિસ્તૃત ચર્ચા કરેલ. ગામના વરિષ્ઠ મહિલા એવા શ્રીમતી. કૈલાશબેન આર. પટેલે વિવિધ ક્ષેત્રોમાં રહેલ મહિલાઓના સિંહ ફાળા વિષે ચિતાર આપ્યો હતો. કાર્યક્રમના અંતે કાર્યક્રમમાં હાજર રહેલ તમામ મહિલાઓએ શપથપત્રમાં ઉલ્લેખિત "***એક મહિલા તરીકે મારો સંકલ્પ***" ના શપથ લીધા હતા.

અંતે ગામના પ્રગતિશીલ ખેડૂત એવા શ્રી. ગણપતભાઈ પટેલે પધારેલ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

*यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः*

<u>કાર્યક્રમની ઝાંખી</u>








